દાદા ભાઈની ૯૯ મી જયંતી પ્રસંગે પ્રગટ કરેલાં

દેશ ગીત.



स्वदेश सेवक महान् स्यात्.

પ્રકાશક

છગનલાલ નગરાજ દેસાઈ.

બી. એ. આર-એલ. બી.

સર્વન્ટ ઓફ ઇંડીઆ.

આર્ય ભૂમિ.

પ્રભુએ સરજી સૃષ્ટિ, ને વેર્યાં સ્થાન સ્થાનમાં,
અમોલી વસ્તુનું એક રાખ્યું સંગ્રહસ્થાન આ.

સંસારના શાસ્ત્ર તણા વૈરાગ,
આશ્ચર્યના ઇતિહાસયોગ:
આત્માનું ને સ્થૂલનું વિજ્ઞ જે
અદ્ભુત સૌ આહિ ભર્યું પ્રભુએ.

કવિ નાનાલાલ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦ સને ૧૯૧[illegible]

સ્વદેશ ધર્મ.

૧ મારી ભારતભૂમિ—એક અને અભેદ્ય—એમાં મને શ્રદ્ધા છે.

૨ મારી ભારતભૂમિ—અનેક કોટી સંતાનોની પ્રિય માતા એમાં મને શ્રદ્ધા છે.

૩ મારી ભારતભૂમિ—એના દિવ્ય ઉપદેશમાં મને શ્રદ્ધા છે.

૪ મારી ભારતભૂમિની કુખે જન્મેલા સંતો અને એના ઉછેરના વીરો—તેઓમાં મને શ્રદ્ધા છે.

૫ મારી ભારતભૂમિ—પૃથ્વીના ઉચ્ચમાં ઉચ્ચ અને પવિત્રમાં પવિત્ર ગિરિવરોથી રક્ષિત મારી ભારતભૂમિ—એમાં મને શ્રદ્ધા છે.

૬ મારી ભારતમાતા જે સાગરના ઉછરંગમાં વીંટાઇ રહેલી છે તેની બલપ્રદ શક્તિમાં મને શ્રદ્ધા છે.

૭ મારી ભારતભૂમિ સૌન્દર્યની મૂર્તિ—સૃષ્ટિદેવીની પોતાની પુષ્પો અને સરિતાથી ભરેલી વાડી—એમાં મને શ્રદ્ધા છે.

૮ એ ભૂમિનો પ્રત્યેક કણ પવિત્ર છે એમ મને શ્રદ્ધા છે.

૯ મારી ભારતભૂમિના પ્રાચીન તનુજોમાં મને શ્રદ્ધા છે; જેઓની સ્મશાન—ભસ્મ પંચમહાભૂતમાં ભળી જઇને મારા અન્ન અને રૂધિર રૂપે બની છે.

૧૦ એ પૂર્વજોના પિંડનો આ મારો પંચમહાભૂત પિંડ બનેલો છે; તેઓના અસ્થિનું મારૂં અસ્થિ બનેલું છે, તેઓના માંસનું મારૂં માંસ બનેલું છે.

૧૧ સર્વ કાળના અને સર્વ જાતિના ભારતવાસીઓ હમેશ માટે પરસ્પર જોડાયલા છે, એમ મારી શ્રદ્ધા છે.

૧૨ ભારતભૂમિ ઉપર વસતા સર્વ જનો, તેઓ ગમે તે વર્ણ કે ધર્મના હો તથાપિ તેઓ સર્વ ભાઇઓ છે એમ મને શ્રદ્ધા છે.

૧૩ દુનિયાદારીના સગપણ કરતાં પણ વધારે વહાલું એવું જે મારૂં દિવ્ય જીવન્ત ભારત પ્રજાત્વનું સગપણ તેમાં મને શ્રદ્ધા છે.

૧૪ મારી ભારતભૂમિના સુવર્ણમય ભૂત-કાળમાં અને તેજોમય ભવિષ્યમાં મને શ્રદ્ધા છે.

૧૫ ભારતભૂમિની પુરૂષતાના ધર્મ, વીર્ય, અને સ્વદેશાભિમાનમાં મને શ્રદ્ધા છે.

૧૬ ભારતભૂમિના સ્ત્રીજનની સુકુમારતા, પવિત્રતા, અને નિરદંતામાં મને શ્રદ્ધા છે.

૧૭ ભારતભૂમિ માટે દરેક ભારતવાસીએ સર્વસ્વ અર્પણ કરવું એમાં મને શ્રદ્ધા છે.

૧૮ આપણે એકજ ભૂમિના છીએ, આપણે એકજ પ્રજા છીએ, આપણી ભાવના પણ એકજ છે અને આપણે એકજ કાર્ય પરાયણ છીએ, એમ હું માનું છું.

૧૯ મારા સ્વદેશ જનની સેવા તે મારા જીવનનો પ્રાણ છે તથા એજ મારા જીવનનુ આદિ તથા અંત છે.

૨૦ આમાં મારી ભારત માતાની આશીષ હો.

વંદેમાતરમ્.

રાજરાજેંદ્ર પંચમ જ્યૉર્જને.

હો આપને જનકરાયની આત્મશાન્તિ !
હો રામચન્દ્રજીતણી વિભુ પુણ્યકીર્તિ !
હો ધર્મરાજ સમ ધર્મની વાસનાઓ !
કલ્યાણ આપનું જ આપ પ્રજાનું થાઓ !

* * * *

સૂર્ય ને ચન્દ્ર એ નેત્રો જેવાં મહા વિરાટનાં,
રાજા અને પ્રજા એવાં નેત્રો એ રાજ્યદેહનાં.

* * * *

રાજાપ્રજાના ઉરમેળ જ્યહાં હશે;
સંવાદી વીણા ગીત એઓ ગુંજશે;
જો એક કંપે અનુકમ્પ ના થશે,
તો રાજ્યવીણા બસુરી જ બોલશે.

* * * *

સ્નેહ સત્યે, ન્યાય સંપે, આધારે એકમેકને,
ખીલવો, દેહઅંગો શાં, સૌ મહારાજ્યઅંગને
પૂર્વપશ્ચિમના યોગ પ્રભુનિર્મિત આ કંઇ,
પોષજો એહને, રાજન્ ! સદ્‌ગુણોને લઇ દઇ.

* * * *

પુત્ર પુત્રી સમાં જાણી પ્રજાનાં નરનારને,
કૌમારે પોષજો સૌને, માનજો મિત્ર યૌવને.

* * * *

કવિ નાનાલાલ.

જય જય ગરવી ગુજરાત.

જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણું પરભાત. જય૦
ધ્વજ પ્રકાશશે ઝળળ કુસુંબી,
પ્રેમ શૌર્ય અંકિત,
તું ભણુવ ભણુવ નિજ સંતતિ સહુને,
પ્રેમ ભક્તિની રીત—
ઉંચી તુજ સુંદર જાત. જય૦
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણુ જોય,
વળી જોય સુભટના જુદ્ધ રમણુને
રત્નાગર સાગર.
પર્વત ઉપરથી વીર પૂર્વજો
દે આશિષ જયકાર—
સંપે સોયે સહુ જાત. જય૦
તે અણુહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગ થકી પણુ અધિક સરસ રંગ
થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભશે
વીતી ગઇ છે રાત—
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

સ્વ. કવિ નર્મદાશંકર.

મહાજન પૂજન.

આશાવરિની ધૂનમાં.

આવો અમારા દેશમાં પૂજન તમારૂં થાય છે,
સર્વસ્વ જેના સ્વાર્થનો રસ દેશમાં વહી જાય છે. આવો૦
જેણે ફકીરી આદરી પરમાર્થ જેનો સ્વાર્થ છે,
તે સત્ય વાણી અભય વરદા એકલો પૂજાય છે. આવો૦
જેનું હૃદય ધડકી રહ્યું નિજ દેશના ધડકારમાં,
એ પુનિત સુંદર હૃદયવરનું પ્રેમ પૂજન થાય છે. આવો૦
જેણે ગણ્યું આ જીવિત સરખું તુચ્છ પરદુઃખ આગળે,
પરમેશ દીવ્ય મનુષ્ય એકજ એજ અહિં પૂજાય છે. આવો૦
જેને હજારો દુઃખ દેશની અર્થ પુષ્પ સમાન તે,
એ પુષ્પના ભરગુચ્છની મૃદુમાળમાં મ્હેંકાય છે. આવો૦
તે વીર ધીર મહન્ત પ્રેમી આવજો અમ મંદિરે,
જ્યાં હિંદના દાદાતણું છે આદર્યું પૂજન અમે. આવો૦
કુંકુમ ભર્યે પગલે પધારી આંગણું પાવન કરી,
અમ ગરીબ જનના હૃદયને અભરે ભરો અમીધારથી. આવો૦

મગનભાઈ ચતુરભાઈ પટેલ.

બેરીસ્ટર ઍટ લૉ

ગોવિંદ ગુણ ગાઓરે ગોપાળ ગુણ ગાઓરે હે નરનાર (એ રાગ.)

દાદાને કંઠે નાંખો રે પિતાને કંઠે નાંખોરે હીરલાનો હાર. ટેક.

ફુલડાં ધરાવો રે મોતીડે વધાવો રે,
ઉરે છબી એજ રાખો રે (૨) હીરલાનો હાર, ૧
વાજીંત્ર વાગે રે નવાનવા રાગે રે;
જ્ઞાન ગીતો રસ ચાખો રે (૨) હીરલાનો હાર. ૨
જગ જશવંતી રે ઉજવો જયંતી રે;
દેખી પડે દ્રોહી ઝાંખો રે (૨) હીરલાનો હાર. ૩
તાજ વિનાના રે ભૂપ ન છાના રે;
આર્ય મનુષ્યોની આંખો રે (૨) હીરલાનો હાર. ૪
વીરગુણ ગાઓ રે કૃતાર્થ થાઓ રે;
અમર રહો એમ ભાખો રે (૨) હીરલાનો હાર. ૫
મન ધરી દેશ રે વશીઆ વિદેશ રે;
વેઠ્યો પરિશ્રમ પાકો રે (૨) હીરલાનો હાર. ૬
પર ઉપકારો રે કરીઆ હજારો રે;
લાભ તજી નીજ લાખો રે (૨) હીરલાનો હાર. ૭
કેશવ કહે છે રે ધન્યધન્ય એ છે રે;
હૃદય રમે હિંદ આખો રે (૨) હીરલાનો હાર. ૭

શા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા.

હિંદના માનવંતા દાદાને અભિવંદન.

અભિવંદીએ શીરતાજ હિંદી નવાજ નરવર વીરને,
પદ પંકજે સેવી સદા સ્મરીએ પ્રભાતે નામને.
જેથી સરે અમ કામ, હામ તમામ આવે હ્રદયને,
તમ નામ કેરી તરણીથી, ભારત તરે મહા ઉદધિને.
કીધાં અમોલાં કાજ બહુ તત્પર રહી અમ હિતમહીં,
સેવા કરી નિજ માતની સાગર તરીને પાર જઇ.
અજ્ઞાનની રાત્રિ વિષે જ્યારે પ્રજા ઘોરી રહી,
તે સમય તોડ્યું તિમિરને જ્ઞાનોદયે નિજ ભૂમિ મંહી.
ભારત પ્રજાના હ્રદયમાં તમ નામ મૂર્તિમન્ત છે,
રગ રગ મહી જ્યાં હીંદુ શોણિત ત્યાં તમારૂં નામ છે.
તે નામ પ્રેરે અમ હ્રદયને સેવવા અમ ભૂમિને,
દાદા સમા સત્ પુત્ર આવા હ્રદય અમ ઉત્કટ રહે.
કયમ ભૂલીએ કર્તવ્ય જ્યાં કીર્તિ હવા તમ સુંઘીએ,
જેથી ટકાવી જીવનને સુખમાં અમે ત્યાં મ્હાલીએ.
અમ જીવનમાં મીદાશ છે તમ નામની તમ કામની,
સેવા કરીશું ભૂમિની તમ નામ સ્મરી દિન નામિની.
સુખ શાન્તિ યશ પરિપૂર્ણ અમ દાદા પરે વર્ષ્યાં રહે,
દીર્ઘાયુઃ થઇ કીર્તિ જગતમાં ધ્રુવ સમ અવિચલ રહે.
અમ પ્રાર્થના પ્રભુ પાસ ને હિંદી જનો નિશદિન ચહે,
તમ બાળકો પદપદ્મ પૂજી, ચરણ ચુમ્બી દિલ હરે.

ધન્ય જીવ્યું જગમાંહ્ય.

(મ્હારો સાથીડો રીસાયો રે કોણ મનાવા જાય. એ રાગ)

મીઠી દેશની સેવા માનીએ તે ધન્ય જીવ્યું જગમાંહ્ય,
પરખ્યું સૌ સુખ દેશ પછાડી પ્રીતે નમીયે તેને પાય
સ્વાર્થ પાન લહ્યું વિષ હલાહલ નહિં સ્વપ્ને પણ ભાન.
રોમ રોમને રક્ત અણુંમાં કેવલ દેશનું તાન.
ત્હેને નમીએ નીચાં પાય (૨) મીઠી૦
"દેશ ભક્તિ સૂર વસંત વેણું કોકિલ મંજુલગાન",
અચલે વિમલે અંતર લહી આ ઝુકવે ઝુમવે પ્રાણ.
નમીએ શતધા ત્હેને પાય (૨) મીઠી૦
દેશોદય ગિરિપન્થ વિકટ અતિ તદપિ ભડ ભીમહામ
સતત કુદે મન "દેશ રડે ત્યાં ધિકક લીધો આરામ."
નિશદી નમીએ ત્હેને પાય (૨) મીઠી૦
દેશતાત પીડાતો ભાળી હૈયું ગળી ગળી જાય,
આત્મત્યાગે પણ દેશ ઝગવવા ધર્મનિધિ ગજવાય.
ત્હેને નમીએ લળી લળી પાય (૨) મીઠી૦
દિવ્યાત્મા હો બુઝર્ગ દાદા ! શોંપી દેશને કાય,
"અવિચલ આયુ આપો જગપતિ" વિનતિ નમ્ર સદાય.
ત્હેને તો પળ પળ નમીએ પાય (૨) મીઠી૦

વસન્ત વિનોદી

———o———

હમારી હિંદ માતા તું.

(ગઝલ)

પરમ સુખની વિધાતા તું, અચળ યશ પ્રાપ્ત માતા તું,
હૃદયને ધર્મદાતા તું, હમારી "હિંદ માતા તું." ૧

ચરણ પૂજી તુને ભજતાં, જગતનાં દુઃખ ભય તજતાં,
સદા ભક્તિ ઉરે સજતાં, જપું મુખ "હિંદ માતા તું." ૨
મણિ મુક્તા સુરત્નોથી, રસેલી ઇશ યત્નોથી,
પૂજાયેલી પ્રયત્નોથી, હમારી "હિંદ માતા તું." ૩

બિચારા બાળ બહુ ત્હારા, સહેતા કષ્ટ અસિધારા,
છતાં ત્હારાજ રહેનારા, ગણીને "હિંદ માતા તું." ૪

નહિં પરના થનારા એ, અધર્મે ના જનારા એ,
રહી નિજ દેશ-ધારાએ; ઉચરશે "હિંદ માતા તું." ૫

ઋષિ મુનિ દેવ ગાંધર્વો, ઉજવશે ઉન્નતિ પર્વો,
વહી મહિમા મુખે ગરવો; કહીને "હિંદ માતા તું." ૬

શિશુ નરનારી જય કહેતાં, સહર્ષે આશિશો દેતાં,
વધાવી વારણાં લેતાં, સમરતાં "હિંદ માતા તું." ૭

ગુણી ગુરૂ વિપ્ર કે જ્ઞાની, ખરા જે દેશ અભિમાની,
ગણી આ જીંદગી ફાની, ભજે છે "હિંદ માતા તું." ૮

શુણી તુંજ નામના બોલો, ઉછળતી હર્ષની છોળો,
હૃદયપટ આ થતો પહોળો, કહેતાં "હિંદ માતા તું." ૯

ગવાતાં મા ! તમારાં ગીત, હૃદયમાં જે વહે છે પ્રીત,
કહું તે શબ્દમાં શી રીત ? વર્ણું "હિંદ માતા તું." ૧૦

અજ્ઞાત

સ્વદેશ ભક્તિ.

(રાગ ધીરાની કાફી.)

સ્વદેશની ભક્તિરે કે કોઇ વીરલા જાણે,
સ્વતંત્રતાના રસની રે
લ્હેજત કોઈ પ્રમાણે— ટેક.

ત્રણે પદાર્થ છે દેશ ભક્તિમાં
ધર્મ અર્થ વળી કામ
સ્વદેશ ભક્તને દેશની પ્રીતિ—
મોક્ષ એ, સુખ કેરૂં ધામ;
કે રૂચ નહિં બીજું રે
મસ્ત એ દેશ અભિમાને— સ્વદેશની૦

માટે સ્વદેશીઓ બંધુ મ્હારા.
ધરી અંતર આ ઉપદેશ.
ભરત ભૂમિ પામી ઉદય દિનોદિન,
ઉજળી રહે હમેશ,
કે એમ કરો ઉદ્યમરે
ચુકો ન ચોંટ નિશાને— સ્વદેશની૦

રચo હo હo ધ્રુવ.

(૧૧)

" ક્યાં ? "

ક્યાં છે મ્હારી હૃદય વિભૂતિ પુજ્ય હા માતૃભૂમિ ?
ક્યાં છે મ્હારી જીવન દાતા પ્રાણુની જન્મભૂમિ ?
ક્યાં છે મ્હારો સરળ હૃદયી પ્રેમ-ઘેલો સ્વદેશ ?
ક્યાં છે મ્હારાં પ્રેમ-ઘેલાં દિવ્ય-કાન્તિ વીરેશ ?
ક્યાં છે મ્હારાં પુજન કરવા દેવ ને પિતુ-માત ?
ક્યાં છે મ્હારે દેશ પડતાં દિવ્ય-જ્યોતિ પ્રભાત ?
ક્યાં છે મ્હારા પ્રણુયી દિલનાં સ્નેહિલાં ભાઈ-બ્હેન ?
ક્યાં છે મ્હારી અભણુ દિલની નિર્મલા પ્રિય-બાળા ?
ક્યાં છે મ્હારાં વડિલ જન, ને મિત્ર કેરાં કુટુમ્બ ?
ક્યાં છો સરવે વિમલ હૃદયી, શાસ્ત્ર-નેતા કવિઓ ?
ક્યાં છો-આહા ? દિવ્ય દ્રષ્ટિ ધર્મ ધોરી મહન્ત ?
ક્યાં મ્હારૂં આ વિરહ ઘેલું નિર્ઝરી હાય હૈયું ?
ને આ-હા ક્યાં વિરહી નયનો સારતાં સ્નેહ અશ્રુ ?

નર્મદાશંકર રામચંદ્ર દવે.

જીવે શું હિંદમાં એવા.

સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ, એ તર્જ

જીવે શું હિંદમાં એવા કો મૂઢાત્મા હરામી !
ન બોલ્યા મુખ "મારો દેશ આ મુજ માતૃભૂમિ" જીવે શું૦
ઝાકળના મોતી સમા જીવો તે કંગાળ,
હાલા આવ્યા ગયા ભુલા પથ્થરવત ભૂભાર.
ખરતાં પીપળના પાંદડાંની પેઠે એ તો,
કીડી મકોડીના સમાન કાયા તે નકામી —જીવે શું૦

હોય ખિતાબો છો ઘણા અઢળક ધનભંડાર,
લુખી કીર્તિ હો, ભલે મૃગજળવત્ નભનાર.
ભળે તે માટી નીચે જે થકી અવતાર ધર્યા,
ફરે ઘાણી તણા જ્યમ બેલ ફેરા અંધ પામી—જીવે શું૦
તેના મૃત્યુ પાછળે કોઇ ન રડતી આંખ,
જીભ ન ગાતી નામને માન તણી નહિ ઝાંખ.

મહારાણીશંકર શર્મા.

અમ ભરત ભૂમિ એ !

લાવણી

કોણ હશે એવો અવગુણીઓ તેજ નિજ માતની સેવા ન કરે,
પ્રીતી ભક્તિથી.
રોમ રોમ પ્રતિ બિંદુ રક્તનું એના કણથી બન્યું ખરે,
પ્રીતિ ભક્તિથી.
નથી નથી આ માત તમારી નીચું જોવું જેથી પડે નામ કામનાથી,
નામ કામનાથી.
સદય હૃદય પ્રેમાળ ભક્તિ પર સદા ઉચ્ચ અભિલાષ વડે,
નામ કામનાથી.
રસેરસ્યાં, શ્રૃંગાર, શાંત કે વીર બાળ પુરૂષાર્થી ઘડયા,
કે નવરી ઘડીએ !
મહાકાળ પ્રબળ પ્રવાહે અસીમ નટ તે નામ જડયાં,
કોનવરી ઘડીએ !
પૃથુ, પ્રલ્હાદ, એ રામ કૃષ્ણ, ધ્રુવ, શીબિ બલી કર્ણ પ્રતાપતણી
અમ ભરત ભૂમિએ !
જનની એ જન્મ ભૂમિ સ્વર્ગથી ગરીયસી ન ચહુ કેમ ઘણી. ?
અમ ભરત ભૂમિ એ !

રમ૦ હ૦ હ૦ ધ્રુવ.

અમે કોણ.

બિહાગની ધુનમાં.

જનેતા જન્મ ભૂમિને પિતા પ્રભુ અમારે,
મોટાં માબાપની સેવા સહોદરને અમારે.

મમતા ભર્યાં મૈયા પિતા પ્રેર્યાં રસાયન રેલીએ.
ચલતી ચમક કંઇ ઔર ઉજવળ આત્મબળ બહલાવીએ.

જનેતાનાં દુધડીયાથી થવું દુધ મલ્લ અમારે,
પિતાને છત્ર પ્રગટે આત્મ ઘુમટ કંઇ અમારે.

સંસાર સુંદર સાર-મથમાં ડોલીએ ડોલાવીએ,
ઉલ્લાસમાં રમતાં અજબ રંગી જગત્ અજવાળીએ.

લલિત.

અમારો દેશ.

(દિવ્ય)

અમે ભરત ભૂમિના પુત્રો, અમ માત પુરાણુ પવિત્રં,
રે જેના સુંદર સૂત્રો, ઝલકાવે ઉચ્ચ ચરિત્ર;
અમ અંતરને ઉદ્દેશી, કરશું હોકાર હમેશ,
અમે દેશી, દેશી, દેશી, ઓ દિવ્ય અમારો દેશ. ૧
અંધરાર વિષે અથડાતાં, કે ફરતાં ભવ્ય પ્રકાશ,
પડતાં રડતાં રગડાતાં, કે કરતાં હાસ્ય વિલાસ:
પળ પળ અમ ઉરનિધિએશી, હા ઉછળે ઉર્મિ અશેષ,
અમે દેશી, દેશી, દેશી, ઓ દિવ્ય અમારો દેશ. ૨
ક્યાં હશે હિમાલય જેવો,? ક્યાં પુણ્ય પવિત્રજ ગંગ!
ક્યાં મળે અલૌકિક એવા, સહુ દેશ તણા બહુ રંગ!
ક્યાં મુનિ ઇશ્વરજન બેસી, કરતાં પ્રભુ પંથ ઉજેશ?
અમે દેશી, દેશી, દેશી, ઓ દિવ્ય અમારો દેશ. ૩
ક્યાં રામ યુધિષ્ઠિર ઘૂમ્યા? ક્યાં ગર્જ્યા અર્જુન ભીમ?
ક્યાં રજપૂત વીર ઝઝુમ્યા, બળ દાખવવા અસીમ?
રે ભૂલીયે તે રીતે શી, અમ અંતરની લવલેશ?
અમે દેશી, દેશી, દેશી, ઓ દિવ્ય અમારો દેશ. ૪
નથી રે જીવવું પર આશે, છે પારકી આશ નિરાશ,
નથી કર ધરવો કો પાસે, સ્વાશ્રયનો છે ઉલ્લાસ;
કંઇ પુણ્ય પ્રભાજ પ્રવેશી, અહિં દે અમને ઉપદેશ,
અમે દેશી, દેશી, દેશી, ઓ દિવ્ય અમારો દેશ. ૫

અરદેશર. ફ. ખબરદાર

સ્વરાજ્ય રણગીત.

(રજપુત શુરારે જુધમાં વીર નથી શું ? એ રાગ)

શાણા શહેરીરે, શૂરા સભાસદ સારા,
શોધી આપોરે, નિડર રીતે લડનારા. શાણા૦

સ્વાર્થ મૂકી અળગો મમતાથી પ્રજા માટે જે લડતા,
હક સ્વતંત્ર શુભ લાભ જાળવી ભલા ભલા શું અથડાતા ! શાણા૦

તન, મન, ધન ખરચી નિશદિન જે સ્વદેશ સેવા કરતા,
ઉજ્વળ મનહર વાણી બળથી કાર્ય સફળતા ધરતા ! શાણા૦

જે નિજમાન પ્રતાપ દિપાવી આપ પ્રતાપ વધારે,
રત્ન પરખતાં આપે અમૂલખ એ આપની શોભારે ! શાણા૦

શું એ આપાનું ઉકાળશે જે ખુશામતે ખુશ થતા !
સાહેબને સત સલામ કરતા રંક દુઃખે ન દુઃખાતા ! શાણા૦

સ્વ૦ હ૦ હ૦ ધ્રુવ.

"My word is never Despair or Despond ! Go on ! Go on thoroughly united, come weal, come woe, never to rest but to persevere with every sacrifice till the victory of self-Government is won." (DADABHAI.)

" મારો મુદ્રાલેખ એ છે કે નિરાશ થવું નહિ કે ધીરજ ખોવી નહિ. સંપૂર્ણ ઐક્યથી જોડાઇ, દુઃખ આવો કે સુખ આવો છતાં જરાપણ વિરમ્યા વગર જે સ્વાર્થ ત્યાગ કરવો પડે તે બધા કરીને પણ જ્યાં સુધી સ્વરાજ્ય ના મળે ત્યાં સુધી મંડ્યાજ રહેવું."

દાદાભાઈ.

"THE WATCH WORD OF HOPE."

FROM

HIS IMPERIAL MAJESTY THE KING EMPEROR.

"To day in India, I give to India the watc word of hope. On every side I see the sig and stirrings of new life Education has giv you hope, and through better and high education you will build up higher and bett hopes."

"It is my wish that there may be sprea over the land a network of schools and colleges, from which will go forth loyal, manly and useful citizens able to hold their own in industry and agriculture and all the vocations in life and it is my wish, too, that the homes of my Indian subjects may be brightened and thei labour sweetened by the spread of knowledg with all that follows in its train, a high lev of thought of comfort and of health. It i through education that my wish will be fulfil ed, and the cause of education in India wi ever be very close to my heart."

શ્રી "સત્યપ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ પ્રેમચંદ મહાસુખરામ
તથા ડાહ્યાભાઈ શંકરભાઈ ગાંધીએ છાપ્યું. અમદાવાદ.